# સંવેદનશીલ તપાસ દરમિયાન નિરીક્ષકની હાજરી અંગે સૂચના

## તમારી તપાસ વિશે મહત્ત્વપૂર્ણ માહિતી

હેકન્સેક મેરિડીયન હેલ્થ (Hackensack Meridian Health) ખાતે, તમારી સલામતી, અનુકૂળતા અને ગરિમા અમારા માટે મહત્ત્વપૂર્ણ છે. એક સલામત, આદરણીય અને વ્યાવસાયિક સંભાળનું વાતાવરણ જાળવી રાખવા માટે, સંવેદનશીલ તપાસ દરમિયાન તમારી વિનંતી પર અથવા તમારા આરોગ્યસંભાળ પ્રદાતાની જરૂરિયાત મુજબ, તાલીમ પામેલા નિરીક્ષકો (જેમને 'ચેપરોન' પણ કહેવાય છે) હાજર રહેવા માટે ઉપલબ્ધ છે. આ પ્રથા ન્યુ જર્સીના કાયદાકીય નિયમો અને દર્દીની સુરક્ષા અને વ્યાવસાયિક જવાબદારી પ્રત્યે HMHની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

### સંવેદનશીલ તપાસ એટલે શું?

સંવેદનશીલ તપાસમાં નીચે મુજબની તપાસનો સમાવેશ થાય છે:

- સ્તન
- પેલ્વિસ
- જનનેન્દ્રિયો
- પ્રોસ્ટેટ
- મળાશય

### નિરીક્ષક કોણ હોય છે?

નિરીક્ષક એ અમારા સ્ટાફના તાલીમ પામેલા સભ્ય છે, જેઓ સંવેદનશીલ તપાસ દરમિયાન હાજર રહી શકે છે.
નિરીક્ષકો નીચે દર્શાવેલ હેતુઓ માટે હાજર રહે છે:

- તપાસ દરમિયાન તમારી અનુકૂળતા, ગરિમા અને સલામતીની ભાવના જાળવવામાં મદદ કરવા માટે
- સંવેદનશીલ સંભાળ દરમિયાન વધારાની વ્યાવસાયિક હાજરી પૂરી પાડવા માટે
- તપાસ આદરપૂર્વક અને યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવામાં મદદ કરવા

નિરીક્ષક તમારી તબીબી સંભાળ અથવા સારવારમાં ભાગ લેતા નથી, પરંતુ તેઓ તમારા અને તમારા આરોગ્યસંભાળ પ્રદાતા બંને માટે એક સુરક્ષિત અને વ્યાવસાયિક તબીબી વાતાવરણ જાળવી રાખવા માટે હાજર રહે છે.

### તમારા અધિકારો અને પસંદગીઓ

તમને નીચે મુજબના અધિકાર છે:

- સંવેદનશીલ તપાસ દરમિયાન નિરીક્ષકની હાજરી માટે વિનંતી કરવાનો
- કોઈપણ પ્રકારની તપાસ પહેલાં અથવા તે દરમિયાન પ્રશ્નો પૂછવાનો
- કોઈપણ સમયે કોઈપણ પ્રકારની તપાસને થોભાવવા અથવા બંધ કરવાનું કહેવાનો

સુરક્ષિત તબીબી વાતાવરણ જાળવી રાખવાના ભાગરૂપે, તમારા આરોગ્યસંભાળ પ્રદાતા પણ સંવેદનશીલ તપાસ દરમિયાન નિરીક્ષકની હાજરી આવશ્યક ગણી શકે છે.

### જો નિરીક્ષક ઉપલબ્ધ ન હોય અથવા તેનો ઇનકાર કરવામાં આવે

- જો તમે નિરીક્ષકની વિનંતી કરો છો અને તમને સ્વીકાર્ય હોય તેવા કોઈ નિરીક્ષક ઉપલબ્ધ ન હોય, તો તમારી તપાસ મુલતવી રાખવામાં આવી શકે છે.
- જો તમારા પ્રદાતા નિરીક્ષકની હાજરી આવશ્યક ગણે અને તમે હાજર રહેલા નિરીક્ષકની સાથે તપાસ આગળ ન વધારવાનું પસંદ કરો, તો શક્ય છે કે તે મુલાકાત વખતે તમારી તપાસ ન થાય.
- આવી પરિસ્થિતિઓમાં, તમારી મુલાકાત ફરીથી શેડ્યૂલ કરવાની જરૂર પડી શકે છે.

તમારા પ્રદાતા સારવારમાં વિલંબ થવાને લગતી કોઈપણ તબીબી બાબતો અંગે ચર્ચા કરશે અને જરૂર પડે ત્યારે યોગ્ય ફોલો-અપ ગોઠવવામાં મદદ કરશે.

### પ્રશ્નો અથવા ચિંતાઓ

જો તમને નિરીક્ષકો અથવા તમારી તપાસ વિશે કોઈ પ્રશ્નો હોય, તો કૃપા કરીને તમારા આરોગ્યસંભાળ પ્રદાતા અથવા અમારા સ્ટાફના સભ્ય સાથે વાત કરો.

### સ્વીકૃતિ

હું સ્વીકારું છું કે મને સંવેદનશીલ તપાસ દરમિયાન નિરીક્ષકો અંગેની આ સૂચના પ્રાપ્ત થઈ છે અને મેં તે વાંચી છે અને મને પ્રશ્નો પૂછવાની તક આપવામાં આવી છે.

દર્દી/પ્રતિનિધિની સહી: ______________________________ તારીખ: ____________________